# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-9-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

✓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શિક્ષકો અને વાલીઓએ બાળકોને એવું શિક્ષણ આપવું જોઇએ કે તેઓ હંમેશા મહિલાઓની ગરિમાને અનુરુપ વ્યવહાર કરે

✓ ભારત અને સિંગાપોર વચ્ચે આરોગ્ય અને દવાઓ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, ડિજિટલ ટેકનોલોજી સહિતના ચાર સમજૂતિ કરાર

✓ છેલ્લાં 10 વર્ષમાં ભારતની સૂર્ય ઉર્જા ક્ષમતા 32 ગણી વધી - 2030 સુધીમાં 500 ગિગાવોટની બિન-અશ્મિભૂત ઊર્જા ક્ષમતા હાંસલ કરવા પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો

✓ ડુંગળીના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં કેન્દ્ર સરકાર રાહત દરે ડુંગળીનું વેચાણ કરશે

✓ વર્તમાન વૈશ્વિક સ્થિત વચ્ચે સજ્જ રહેવા સંરક્ષણદળોને સંરક્ષણમંત્રી રાજનાથસિંહની હાકલ

✓ પેરિસ પેરાલિમ્પિક્સનાં આઠમા દિવસે આજે ભારતીય ખેલાડીઓ શૂટિંગ, તિરંદાજી, એથ્લેટિક્સ, પાવર લિફ્ટિંગ અન જુડો સહિતની રમતોમાં મુકાબલો કરશે.

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PREZ - TEACHERS**

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શિક્ષકો અને વાલીઓએ બાળકોને એવું શિક્ષણ આપવું જોઇએ કે તેઓ હંમેશા મહિલાઓની ગરિમાને અનુરુપ વ્યવહાર કરે. તેઓ આજે સાંજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર સમારોહને સંબોધન કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિએ શિક્ષણને સમાવેશી બનાવવા માટે શિક્ષકોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, જેને પગલે બાળકોનો સર્વાંગી વિકાસ થશે. આ સમારોહમાં ગુજરાતનાં બે સહિત દેશભરનાં કુલ 82 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

## COAST GUARD-PILOT

પોરબંદરના દરિયામાં ભારતીય તટરક્ષક દળના ધ્રુવ હેલિકોપ્ટરનાં ગુમ થયેલા પાયલટને શોધવા માટે સઘન શોધખોળ અભિયાન ચાલુ છે. તટરક્ષક દળના ચાર  નૌકા દળના બે જહાજો અને કેટલાંક વિમાનો દિવસ રાત ગુમ થયેલા પાયલટની શોધ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે 2 સપ્ટેમ્બરનાં રોજ મોટર ટેન્કરનાં ચાલક દળનાં સભ્યને મેડિકલ સહાય પૂરી પાડવા માટે રવાના થયેલું એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર દરિયામાં તૂટી પડ્યું હતું. આ ઘટનામાં એક પાયલટને બચાવી લેવાયા હતા અને ચાલક દળનાં બે સભ્યોનાં મૃતદેહો મળી આવ્યા હતા.

ભારતીય તટરક્ષક દળના કમાન્ડન્ટ અમિત ઉનિયાલે આકાશવાણી સમાચારને જણાવ્યું કે, નૌકા દળની ક્લિયરન્સ ડાઇવિંગ ટીમ તથા વિશેષ જહાજો બચાવ અભિયાનમાં મદદ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે, લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે અને બ્લેક બોક્સની શોધ ચાલુ છે.

## PM SINGAPORE

ભારત અને સિંગાપોર વચ્ચે આજે આરોગ્ય અને દવાઓ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, ડિજિટલ ટેકનોલોજી અને ભારત-સિંગાપોર સેમિ-કન્ડક્ટર ઇકો-સિસ્ટમ ભાગીદારી એમ ચાર ક્ષેત્રમાં સમજૂતી કરાર થયા છે.

બંને દેશો ભારતની એક્ટ ઇસ્ટ પૉલિસીને વધુ પ્રોત્સાહન આપવા માટે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરવા સંમત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સિંગાપોરના તેમના સમકક્ષ લૉરેન્સ વૉન્ગ વચ્ચેની પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક બાદ આજે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે....

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

બંને દેશના નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિ અંગે સમીક્ષા કરી હતી અને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણનાં વધુ વિસ્તરણ માટે હાકલ કરી હતી. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય અર્થતંત્રમાં 160 અબજ ડોલરનાં રોકાણ સાથે સિંગાપોર ભારતનું અગ્રણી આર્થિક ભાગીદાર છે. બંને પ્રધાનમંત્રીઓએ સંરક્ષણ અને સલામતી, મેરિટાઇમ અંગેની જાગૃતિ, શિક્ષણ, એઆઇ, ફિનટેક, વિજ્ઞાન અને નવી ટેકનોલોજીનાં ક્ષેત્રમાં વર્તમાન સહકારની સમીક્ષા કરી હતી.

## PM SOLAR ENERGY

છેલ્લાં 10 વર્ષમાં ભારતની સૂર્ય ઉર્જા ક્ષમતા 32 ગણી વધી છે અને આ ઝડપ અને વ્યાપને જોતાં દેશ 2030 સુધીમાં 500 ગિગાવોટની બિન-અશ્મિભૂત ઉર્જા ક્ષમતા હાંસલ કરી શકશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યોજાયેલા બે દિવસના પ્રથમ ઇન્ટરનેશનલ સોલર ફેસ્ટીવલને વિડીયો કોન્ફરન્સિંગથી સંબોધતા જણાવ્યું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતે હરિત ઊર્જામાં અનેક મોટી છલાંગો લગાવી છે અને અક્ષય ઊર્જામાં પેરિસ સંમેલનની પ્રતિબધ્ધતાઓ હાંસલ કરનાર ભારત પ્રથમ જી-20 દેશ છે.

## J&K HARYANA ELECTION

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડ્યું છે. આ તબક્કામાં 1 ઓક્ટોબરે ચાલીસ બેઠકો માટે મતદાન થશે. ત્રીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 12મી સપ્ટેમ્બર છે. બીજા દિવસે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે, જ્યારે 17મી તારીખ સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. દરમિયાન વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની આજે છેલ્લી તારીખ છે. આ તબક્કામાં 25મી સપ્ટેમ્બરે 26 બેઠકો માટે મતદાન થશે.

દરમિયાન, એક અહેવાલ પ્રમાણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કાશ્મીરમાં ત્રણ ચૂંટણી સભાઓ સંબોધશે. ભાજપના જમ્મુ કાશ્મીરના મહાસચિવ અશોક કૌલે જણાવ્યું કે, શ્રી મોદી જમ્મુ ડિવિઝનમાં બે અને કાશ્મીરમાં એક રેલીને સંબોધશે. તેમણે જણાવ્યું કે, ગૃહ મંત્રી અમિત શાહ પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવા અને રાજકીય જાહેર સભાઓ સંબોધવા આવતી કાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. શ્રી શાહ સપ્ટેમ્બરનાં મધ્યમાં પણ જાહેર સભાઓ સંબોધવા કાશ્મીરની મુલાકાતે આવશે.

દરમિયાન હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે આ મહિનાની 12મી તારીખ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે. જ્યારે બીજા દિવસે તેની ચકાસણી હાથ ધરવામાં આવશે. 16મી સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે. હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે 5મી ઓક્ટોબરે મતદાન થશે અને 8મી ઓક્ટોબરે મતગણતરી યોજાશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## NAXALITES KILLED

તેલંગાણા-છત્તીસગઢ સરહદ પરના જંગલ વિસ્તારમાં ગુરુવારે સવારે થયેલી અથડામણમાં બે મહિલાઓ સહિત છ નક્સલવાદીઓ માર્યા ગયા છે અને કેટલાંક નક્સલવાદીઓને ઇજા થઈ છે. બે જવાનોને ગોળી વાગી છે, જેમાંથી એકની સ્થિતિ ગંભીર છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. જવાનોને ભદ્રાચલમની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસને ગુંડાલા-કરકાગુડેમ જંગલ વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓની હાજરીની હોવાની બાતમી મળતા બુધવારે જ ગ્રેહાઉન્ડ ફોર્સને સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. સૈનિકો ગુરુવારે સવારે નક્સલવાદીઓના ઠેકાણા પર પહોંચ્યા, જ્યાં નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ.આ પછી ઘટના સ્થળેથી  છ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં બસ્તર ડિવિઝનના નક્સલ પ્રભાવિત આંતરિક વિસ્તારોમાં સતત અથડામણો થઈ રહી છે.

## CENTRE-ONION

ડુંગળીના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં કેન્દ્ર સરકાર દ્વારા રાહત દરે ડુંગળીનું વેચાણ કરવામાં આવશે. દિલ્હી-એનસીઆરમાં મોબાઇલ વાન દ્વારા 38 સ્થળોએ 35 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ભાવે ડુંગળીનાં વેચાણ માટે કૃષિ ભવન ખાતે મોબાઇલ વાનને લીલીઝંડી આપ્યા બાદ કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં અમદાવાદ, કોલકતા, ભુવનેશ્વર, હૈદરાબાદ, ચેન્નાઇ, બેંગલુરુ, ગુવાહાટી અને રાયપુરમાં પણ આ રીતે રાહત દરે ડુંગળીનાં વેચાણની યોજના છે.

આજથી દિલ્હી ઉપરાંત મુંબઇમાં મોબાઈલ વાન, નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ-NCCFની દુકાનો, નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ, કેન્દ્રીય ભંડાર અને સફળ દ્વારા રાહત દરે ડુંગળીનું વેચાણ શરૂ કરવામાં આવશે.

## LUCKNOW-RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી  રાજનાથ સિંહે આજે સશસ્ત્ર દળોના ટોચના કમાન્ડરોને રશિયા-યુક્રેન સંઘર્ષ, ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અને બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિ જેવી ઘટનાઓનું વિશ્લેષણ કરવા અને કોઈપણ અણધાર્યા પડકાર માટે તૈયાર રહેવા વિનંતી કરી છે.  સંરક્ષણ મંત્રીએ આજે લખનૌમાં સંયુક્ત કમાન્ડરોની પરિષદના સમાપન સમારોહમાં કહ્યું કે ભારત એક શાંતિ પ્રેમી દેશ છે અને શાંતિ જાળવી રાખવા માટે સશસ્ત્ર દળોએ યુદ્ધ માટે તૈયાર રહેવાની જરૂર છે. તેમણે ઉત્તરીય સરહદ પરની પરિસ્થિતિ અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે ખતરો ઉભી કરતા પડોશી દેશોના વિકાસના વરિષ્ઠ લશ્કરી નેતૃત્વ દ્વારા વધુ વ્યાપક અને ઊંડાણપૂર્વકના વિશ્લેષણના મહત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી રાજનાથ સિંહે સંયુક્ત સૈન્ય અભિગમ વિકસાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ભવિષ્યના યુદ્ધોમાં દેશને જે પડકારોનો સામનો કરવો પડશે તેની તૈયારી કરવા પર ભાર મૂક્યો હતો.

## PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સનાં આઠમા દિવસે આજે ભારતીય ખેલાડીઓ શૂટિંગ, તિરંદાજી, એથ્લેટિક્સ, પાવર લિફ્ટિંગ અન જુડો સહિતની રમતોમાં મુકાબલો કરશે. પેરા-જુડો પુરુષ 60 કિલો J1 સેમિફાઇનલમાં કપિલ પરમાર ઇરાનના ખોરામ બાનિટાબા સામે હારી ગયા છે. તેઓ હવે કાંસ્ય ચંદ્રક માટે બ્રાઝિલના ખેલાડી સામે

રમશે. પેરા-જુડો મહિલા- 48 કિલોગ્રામ J2 ક્વાર્ટરફાઇનલ્સમાં ત્રણ યલો  કાર્ડ મળ્યા બાદ કોકિલા કૌશિકલતે સ્પર્ધામાંથી બહાર થઈ ગયા હતા.

## MUMBAI-SLAB COLLAPSE

મહારાષ્ટ્રના **મુંબઈના મલાડ વિસ્તારમાં** આજે બપોરે **એક નિર્માણાધીન 23 માળની ઈમારતનો  સ્લેબ તૂટી પડતાં ત્રણ લોકોનાં** મોત થયાં હતાં અને ત્રણ ઘાયલ થયાં હતાં. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા